
# શ્રીમતી આર.ડી.ગાર્ડી
# ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ








॥ संस्कृता स्त्री शिवा शक्तिः ॥



# પ્રવૃત્તિ અહેવાલ
# વર્ષ ૨૦૧૮–૧૯

# શ્રીમતી આર.ડી.ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ

## વિષે ટૂંકમાં વિગત

## સંસ્થામાં કાર્યરત પ્રવૃત્તિ

- હાલ ૪000+ વિદ્યાર્થીનીઓને K.G. થી P.G. સુધીનું શિક્ષણ.
- વિવિધ સંસ્થાઓના કુલ ૨00 શૈક્ષણિક અને વહીવટી કાર્યકર્તાઓ
- પ્રાથમિક, હાઈસ્કૂલ તથા હાયર સેકન્ડરી શાળાની જરૂરીયાતમંદ વિદ્યાર્થિનીઓને શિક્ષણ ફી, કમ્પ્યુટર ફી, યુનિફોર્મ તથા શુઝમાં આર્થિક સહાય
- હાઈસ્કૂલ તથા હાયર સેકન્ડરી શાળાની તમામ વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે નોટબૂક
- આધુનિક ઉપકરણો અને સાધનો દ્વારા કમ્પ્યુટર, અંગ્રેજીનું ખાસ શિક્ષણ
- અભ્યાસમાં નબળી વિદ્યાર્થિનીઓને ઈચ વન – ટીચ વન અને ખાસ રેમેડીયલ વર્ગો અને પરીક્ષાની તૈયારીની તાલીમ
- સ્કાઉટ ગાઈડ, એન.સી.સી., એન.એસ.એસ. દ્વારા વ્યકિતત્વ ઘડતર
- લાઈફ સ્કીલ તાલીમને ખાસ અગ્રતા
- જીલ્લા, રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ ક્ષેત્રે વિદ્યાર્થિનીઓની સિદ્ધિઓ.

## શ્રીમતી આર.ડી.ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓ

| સંસ્થાનું નામ | સ્થાપના વર્ષ | વર્ષ ૨૦૧૮–૧૯માં વિદ્યાર્થીનીઓની સંખ્યા |
|---|---|---|
| શ્રી કે.એચ.સંઘવી બાલમંદિર | ૧૯૫૧ | 300 |
| શ્રીમતી ન.ચ.ગાંધી કુમારી વિદ્યામંદિર | ૧૯૩૨ | ૯૯૮ |
| શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલય | ૧૯૨૫ | ૧0૬૪ |
| શ્રીમતી ન.ચ.ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ | ૧૯૫૧ | ૧૧00 |
| એક્સેલ સ્કૂલ ઓફ નર્સિંગ | ૨00૮ | ૧૨૫ |
| શ્રી અને શ્રીમતી સી.આર.ભટ્ટ સેન્ટર ફોર નોન ફોર્મલ એજ્યુકેશન એન્ડ એન્ટ્રેપ્રીન્યોરશીપ ડેવલપમેન્ટ | ૧૯૯૪ | ૧0૩ |
| સમાજકલ્યાણ કેન્દ્ર | ૧૯૫૮ | |
| ભાવનગર જવલેરી ટ્રેઈનીગ ઈન્સ્ટીટયુટ | ૨00૪ | |
| શ્રીમતી દાણીભાઈ અને કે.કે.પારેખ તથા શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિકાંત ગાર્ડી કન્યા છાત્રાલય | ૧૯૪૬<br>૨૦૧૨ | ૧૮૨ |

સ્થાપના વર્ષ
૧૯૫૯

# શ્રી કૃષ્ણાલાલ હ. સંઘવી બાલમંદિર

વિદ્યાર્થિનીની સંખ્યા
300

૩ વર્ષ સુધી મોન્ટેસરી પદ્ધતિથી શિક્ષણ, ચિત્રકલા, સંગીત અને વિવિધ અનૌપચારિક શિક્ષણ દ્વારા બાળ ઘડતર કરતી સંસ્થા. પ્રથમ વર્ષ બુલબુલ ટુકડી, દ્વિતીય વર્ષ મેના ટુકડી અને તૃતીય વર્ષ મયૂર ટુકડી એમ ત્રણ વર્ષનું નામાભિધાન કરવામાં આવેલ છે. આ સંસ્થાની આગવી ઓળખ સમું બાળકો માટે "ઢીગલીઘર" ઉપલબ્ધ છે.

## શહિદ સ્મારક

શહિદ સ્મારકની મુલાકાત બુલબુલ મેના અને મયુર ટુકડીના બાળકોએ મુલાકાત લિઘેલ. ત્યાં બાળકોએ આપણા દેશ માટે શહિદ થય ગયેલ શહિદો જેવા કે શહિદ ભગત સિંહ, સુખદેવજી,લાલા લજપતરાય,બાલ ગંગાઘર તીળક,બીપીનચંદ્ર પાલ,સુભાષચંદ્ર બોઝ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ વિ. દેશભક્તો વિશે માહિતી મેળવેલ.



મુલાકાત



## પારલે– જી

બુલબુલ,મેના અને મયુર ટુકડીની બાલિકાઓએ પારલે– જી ફેકટરીની મુલાકાત લીધેલ.ત્યાં બાળકોએ કઈ રીતે બિસ્કીટ અને ચોકલેટ બને છે તેની ૨૦ મીનીટની એનીમેશન ફીલ્મ દ્વારા માહિતી મેળવી હતી.



## માટી દિવસ

બાલિકાઓને ચાકડાને ચલાવીને તેના વિશે માહિતી આપી.બાળકોને માટી ખુંદાવી અને થોડી–થોડી માટી હાથમાં આપી અને બાળકોએ તેની મસ્તીમાં તેની કલા મુજબ નાની નાની વસ્તુઓ બનાવી ખુશખુશાલ થઈ માટીમાં રમ્યા.

## બુલબુલ પ્રવાસ તથા મધર્સ ડોટર્સ એકિટવીટી

શિશુવિહાર ખાતે બાલિકાએ તેમની માતાનું સ્વાગત કરેલ.બાલિકાની માતાઓનો એકબીજા સાથે પરિચય કરાવેલ. માતા અને બાળક સાથે રમે તેવી રમતો રમાડેલ.માતાનો ગમતો વિષય એવો રસોઈ જેમાં બાળકને હળવો નાસ્તો કેવો આપવો તે એકબીજા સાથે ચર્ચા કરેલ.પછી બાળકને માતા સાથે જ ઘેર જવા વિદાય આપી.



# તહેવારોની ઉજવણી

## રાષ્ટ્રીય તહેવાર અને પારંપરિક તહેવારોની ઉજવણી



બાલમંદિરની નાની બાળાઓએ સફેદ ફ્રોકમાં સજજ થઈ ૧૫મી ઓગષ્ટ આઝાદદિન તથા ર૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહભેર કરેલ. જેમાં ધ્વજવંદન, રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી. શિક્ષકો દ્વારા રાષ્ટ્રીય તહેવારની સમજણ આપવામાં આવેલ. બાલમંદિરની બાલિકા દ્વારા વર્ષ દરમ્યાન આવતા પારંપરિક તહેવારો જેવા રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી, હોળી વિગેરે તહેવારોની ઉજવણી કરવામાં આવેલ.



## મયુર ટુકડી પ્રવાસ

મયુર ટુકડી પ્રવાસ ખોડિયાર મંદિરથી ટાણા ગામમાં આવેલ બોટનીકલ ગાર્ડન એન્ડ પાર્કમાં અલગ–અલગ છોડની,ગ્રીન હાઉસ તથા છોડ કેવી રીતે વાવવા તેની સંભાળ લેવી કેવી રીતે ઉછેરીને તેનું જતન કરવું તેની માહિતી બાળકોએ મેળવેલ. મુકતેશ્વર મંદિર દર્શન કરી સાંજે પરત ફરેલ. બાળકોએ ખૂબ મજા કરી હતી.







## જન્મદિવસની ઉજવણી તથા પ્રોજેકટ

શ્રી કૃષ્ણાલાલ હ. સંઘવી બાલમંદિર ૫૯ વર્ષ પુરા કરી ૬૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ. તથા બાલમંદિરની બાલિકાઓએ "પર્યાવરણની સંભાળ પ્રોજેકટ" રજુ કરેલ. આ પ્રસંગે બાલમંદિરની વિકાસ યાત્રા પર પ્રદર્શન ગોઠવેલ જે દરેકે નિહાળ્યું. બાલમંદિરના ભૂતપૂર્વ આચાર્યાશ્રીઓ, ટ્રષ્ટીશ્રીઓ, શિક્ષિકાઓ તથા વિદ્યાર્થીનીઓએ ઉપસ્થિત રહી દીપમાળા પ્રગટાવી. બાલમંદિરની બાલિકાઓએ બાલમંદિરના જન્મદિન તથા પ્રોજેકટના અનુસંધાને સાંસ્કૃતિ કાર્યક્રમ રજુ કરેલ. જેમાં અભિનય ગીતો, સ્લોગાનસ, કેક કટીગ તથા જન્મદિવસની ઉજવણી કરેલ.

## અન્ય કાર્યક્રમો



### "રાત્રી રોકાણ"

મયૂર ટુકડીના બાળકો માટે રાત્રી રોકાણનો કાર્યક્રમ યોજેલ. તેમાં ૬૧ બાળકોએ ભાગ લીધો હતો.સાંજે પીલગાર્ડન ફરવા લઈ ગયા હતા. રાત્રે મેદાન માં રમતો રમાડી. રાસ–ગરબા લીધા. અને ખુબ મજા કરી.



### હેલ્ધીફુડ કોમ્પીટીશન તથા મેડીકલ કેમ્પ

હેલ્ધીફુડ કોમ્પીટીશન માં ૨૪ માતાઓએ ભાગ લીધેલ. તથા આ કાર્યક્રમના અનુંસંધાને ડોકટરર્સ સાથે વાલીઓ સાથે વાર્તાલાપનું આયોજન કરવામા આવેલ જેમાં વાલીઓએ સહકાર આપી ઉત્સાહથી ભાગ લીધેલ. તથા બાળકની શારીરિક મુશ્કેલીના વિષય પર ચર્ચા કરેલ સાથે સાથે સંસ્થાવતી ડોકટરર્સનું આભારદર્શન કરેલ.

### સાંસ્કૃતિક કાર્યક્રમ

બાલિકાઓ દ્વારા તૈયાર કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમ "બાલ પ્રતિભા"નું આયોજન કરેલ. સ્તુતિ, અભિનય, ભક્તિ ગીત, વાર્તા, ઈનામ વિતરણ, નાટક, દાંડિયા રાસ, એરોબિક્સ, રેકડ ડાન્સ જેવી અનેકવિધ કૃતિઓ રજૂ કરવામાં આવેલ. અને ૧૦ બાલિકાઓને પારિતોષિક એનાયત કરવામાં આવેલ સાથે ભાગ લેનાર ૭૨ બાલિકાઓને ભેટ આપવામાં આવેલ.





### ચિત્રકામ તથા હસ્તકામની પ્રવૃતિઓનું પ્રદર્શન

બાલમંદિરની ત્રણેય ટુકડીની બાલિકાઓએ વર્ષ દરમ્યાન ચિત્રકામ તથા હસ્તકામની પ્રવૃતી કરેલ તેનું પ્રદર્શન ગોઠવવામાં આવેલ. જેમાં બાલમંદિરની ૩૦૫ બાલિકાઓએ ભાગ લીધેલ.અને પોતાનામાં રહેલી સર્જનાત્મક શકિત ખિલવવાનો પ્રયત્ન કરેલ.આ પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન બાલમંદિરની ભૂતપુર્વ વિદ્યાર્થીની ચિ.અપેક્ષા જીતુભાઈ મકવાણાના વરદ્દહસ્તે થયેલ.

| સ્થાપના વર્ષ<br>૧૯૩૨ | # શ્રીમતી ન.ચ.ગાંધી કુમારી વિદ્યામંદિર | વિદ્યાર્થિનીઓની સંખ્યા<br>૯૯૮ |
|---|---|---|

ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ આપતી સંસ્થા, જેમાં શિક્ષણની સાથે સાથે સ્કાઉટ ગાઈડ, રમત–ગમત, સંગીત અને નૃત્ય, શિક્ષણ તથા અનૌપચારિક શિક્ષણને પ્રાધાન્ય તેમજ પર્યાવરણ, નાગરિકત્વ, માનવીય સંબધો, ગુણોનો વિકાસ થાય તેવા હેતુને ધ્યાન રાખી તે વિષયોના વ્યાખ્યાન, તાલીમ શિબિર, પરિચય કેમ્પ વગેરે રાખવામાં આવે છે. ધોરણ ૧ થી કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે.



## વિશ્વ યોગ દિવસ

ધો–૬ થી ૮ની બાળાઓ દ્વારા અલગ–અલગ આસનો, પ્રાણાયામ દ્વારા વિશ્વયોગ દિવસ ઊજવાયો. દરેક આસનોનું નિદર્શન મોનાબેન જાની દ્વારા મહત્વ નિકેતાબેન દ્વારા કહેવામાં આવેલ. બાળાઓ સાથે આચાર્યશ્રી શિક્ષકો પણ ઊજવણીમાં જોડાયા હતાં

## પ્રવેશોત્સવ

ધો–૧ માં પ્રવેશ તથા ધો–૨ થી ૮માં નવો પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થીનું કુમકુમ,અક્ષત બેન્ડ દ્વારા અન્ય બાળાઓ તેમજ શિક્ષકો દ્વારા સ્વાગત કરવામાં આવેલ સાથોસાથ અભિનય ગીતો પણ રજુ થયેલ.





## સ્થાનિક મુલાકાત

ધો–૬ની ૧૨૨ બાળાઓને અભ્યાસક્રમ અનુસંધાને તેમજ રાષ્ટ્રપિતાનો જીવન સંદેશ બતાવવા ગાંધી સ્મૃતિની મુલાકાત ગોઠવેલ. જેમાં મ્યુઝિયમ, ગાંધી જીવન પ્રદર્શન, લાયબ્રેરી જેવાં વિભાગોની મુલાકાત સમજૂતી સાથે બાળઓએ લીધી હતી.

## રાષ્ટ્રીય તહેવાર અને પારંપરિક તહેવારોની ઉજવણી

૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્યદિન તથા ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહભેર કરેલ. જેમાં વજવંદન, રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી. શિક્ષકો દ્વારા રાષ્ટ્રીય તહેવારની સમજણ આપવામાં આવેલ.



આ ઉપરાંત વર્ષ દરમ્યાન આવતા પારંપરિક તહેવારો જેવા રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી, હોળી વિગેરે તહેવારોની ઉજવણી કરવામાં આવેલ.





## શ્લોકગાન સ્પર્ધા

ચિન્મય મિશન દ્વારા આયોજીત ભાગવત ગીતા શ્લોક ગાન સ્પર્ધા યોજાયેલ. જેમાં ધો–૧ થી ૮ની કુલ ૧૬૫ બાળાઓએ ભાગ લીધેલ.

## વિજ્ઞાન મેળો

ધો.૬,૭,૮ની બાળાઓએ કલસ્ટર કક્ષાનાં વિજ્ઞાનમેળામાં કુલ ચાર કૃતિ રજૂ કરી હતી. જેમાં બે કૃતિ જીલ્લા કક્ષા માટે પસંદગી પામી અને જીલ્લાકક્ષાએ રજૂ કરી હતી.

(૧) ફીંડવા અને વિટામીન બી–૧૨ (જીલ્લા કક્ષા)
(૨) કોકપીટ (જીલ્લા કક્ષા)
(૩) સજીવ ખેતી અને તેના ઉત્પાદન પદાર્થો (કલસ્ટર કક્ષા)
(૪) માનવ શરીરના હાડકાના ગાણિતિક નમૂના (કલસ્ટર કક્ષા)






## વિજ્ઞાન પરીષદ

જીલ્લા કક્ષાની વિજ્ઞાન પરીષદમાં ધો–૬,૭ની બાળાઓએ અલગ અલગ ત્રણ પ્રોજેક્ટ રજૂ કરેલ.

(૧) ખેતીમાં વપરાતા જંતુનાશકો
(૨) ઘરે બનાવેલ કુદરતી મચ્છર વિકર્ષક
(૩) એક્યુપ્રેશર કાયમ

આ ત્રણેય પ્રોજેક્ટ રાજયકક્ષાએ અને ત્યારબાદ રાષ્ટ્રકક્ષાએ પસંદગી પામ્યા હતા. આ ત્રણેય પ્રોજેક્ટનું માર્ગદર્શન નિકેતાબેન આચાર્ય દ્વારા આપવામાં આવેલ.

## ઊર્જા રક્ષકદળ

બાળાઓમાંમ ઊર્જાઓનું મહત્વ દર્શાવતો કાર્યક્રમ "બાળ ઊર્જા રક્ષકદળ" નું આયોજન થયેલ. જેમાં ધો–૬ની ૧૨૨ બાળાઓએ ભાગ લીધેલ. આ કાર્યક્રમ પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્રની ટીમ દ્વારા સંપન્ન થયેલ.






## પ્રવાસ

ધોરણ : ૧–૨ – કુંડળ, સાળંગપુર
ધોરણ : ૩–૪ – તળાજા, ગોપનાથ, ઝાંઝમેર
ધોરણ : ૫–૬ – ભંડારીયા, મહુવા, ઊંચા કોટડા
ધોરણ : ૭–૮ – સ્ટેચ્યુ ઓફ યુનિટી

જેવા સ્થળોએ અલગ અલગ દિવસોએ પ્રવાસ યોજાયેલ.

## આરોગ્ય તપાસ

સરકાર દ્વારા યોજવામાં આવેલ આરોગ્ય તપાસમાં ધો–૧થી૮ની બાળઓની આંખ તથા અન્ય તકલીફો માટે આરોગ્ય તપાસ કરવામાં આવી.



## મહિલા દિન

આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા મહિલા સુરક્ષા કાર્યક્રમ યોજાયો.





## વાર્ષિક કાર્યક્રમ

ધો.૧થી૮ની બાળઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો. વળી, શ્રેષ્ઠ બાળાઓને તેમજ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષા ઉત્કૃષ્ઠ દેખાવ કેરલ બાળાઓને પ્રોત્સાહિત કરવામાં આવી.

## શિયાળુ રમોત્સવ

ધોરણ ૧ થી ૮ની બાળાઓએ શિયાળુ રમોત્સવ અંતર્ગત જુદી જુદી રમતોમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.

## ખેલમહાકુંભ ૨૦૧૮

અંડર ૧૪ ગર્લ્સ ફૂટબોલ રાજ્યકક્ષાએ પાલનપુર ખાતે શાળાની ટીમે ભાગ લીધેલ.



## શિક્ષકો દ્વારા મેળવેલ સિદ્ધિ

- મમતાબેન વાઘેલા : ખેલ મહાકુંભ ૨૦૧૮ ગોળાફેંકમાં જીલ્લાકક્ષાએ દ્વિતિય
- પ્રિયાબેન ડાભી : ખેલ મહાકુંભ ૨૦૧૮માં ઝોન કક્ષાએ બરછીફેંકમાં દ્વિતિય અને દોડમાં ત્રીજા
- વિણાબેન નાવર : ખેલ મહાકુંભ ૨૦૧૮ જીલ્લાકક્ષાએ યોગાસનમાં ત્રીજા ક્રમાંકે
- દીપીકાબેન યાદવ : કાવ્ય લેખન સ્પર્ધામાં દિકરીને તૈયાર કરી ગાંધીનગર મુકામે રાજયકક્ષાએ ભાગ લીધેલ.
- નિકેતાબેન આચાર્ય: GCERT દ્વારા યોજાયેલ વિજ્ઞાનમેળામાં બે પ્રોજેક્ટમાં માર્ગદર્શન આપી જીલ્લા કક્ષા સુધી સિદ્ધિ
  NCSC ના ૨૫ વર્ષના ઈતિહાસમાં એક જ શાળાનાં એક માર્ગદર્શક શિક્ષક દ્વારા તૈયાર થયેલ ત્રણ પ્રોજેક્ટ રાષ્ટ્રકક્ષાએ રજૂ થયાં.

**સ્થાપના વર્ષ**
**૧૯૨૫**

# શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલય

**વિદ્યાર્થિનીની સંખ્યા**
**૧૦૬૪**

ધો. ૯ થી ૧૨ (સેકન્ડરી અને હાયરસેકન્ડરી) નું શિક્ષણ આપતી શાળા, જેમાં કમ્પ્યૂટર શિક્ષણને પ્રાધાન્ય, પ્રયોગશાળા–પુસ્તકાલયની સુવિધા, રમત–ગમત, સંગીત તથા વિવિધ સ્પર્ધાઓમાં વિશેષ સિદ્ધિ, શિક્ષણ સાથે અનૌપચારિક શિક્ષણને અગ્રતા આપતા કાર્યક્રમો જેવા કે વ્યક્તિત્વ વિકાસ, ટ્રાફિક સેન્સ, કાનૂની સલાહ, કોમ્યુનિકેશન સ્કિલ વગેરે જેવા કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થિનીઓનો સર્વાંગી વિકાસ થાય એવા હેતુ સિદ્ધ કરવા શાળા સતત કાર્યશીલ રહે છે.

## ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૯માં લેવાયેલ ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની પરીક્ષાનું પરિણામ

**ધો.૧૦**
**શાળા પ્રથમ**



**ત્રવાડી રૂકૈયા સૈફુદીન**
**૮૭%**

| વિગત | ધોરણ ૧૦ | ધોરણ ૧૨ |
|---|---|---|
| પરીક્ષા આપેલ વિદ્યાર્થિનીઓ | ૩૧૧ | ૧૯૫ |
| પાસ થયેલ વિદ્યાર્થિનીઓ | ૨૨૯ | ૧૭૨ |
| સ્કુલનું પરિણામ | ૭૩.૬૩% | ૮૮.૨૦% |
| બોર્ડનું પરિણામ | ૬૬.૯૭% | ૭૩.૨૭% |
| ભાવનગર કેન્દ્રનું પરિણામ | ૬૬.૧૯% | ૮૩.૪૩% |

**ધો.૧૨**
**શાળા પ્રથમ**



**યાદવ હેમાંગી**
**જગદિશભાઈ**
**૮૯.૧૪%**

## વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિ

### તહેવારોની ઉજવણી

શાળામાં વર્ષ દરમ્યાન વિવિધ તહેવારોની રંગદર્શી ઉજવણી કરવામાં આવેલ. જેમાં ગુરૂપૂર્ણિમા, સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન, શાળા સ્થાપના દિન, વિશ્વ યોગ દિન, સ્વચ્છતા અભિયાન, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ, વિશ્વ સિંહ દિવસ વગેરે જેવા અનેક વિધ વિશિષ્ટ દિવસની ઉજવણી કરી હતી.




### સાંસ્કૃતિક કાર્યક્રમ

તા. ૨૮/૦૨/૨૦૧૯ ને ગુરૂવારના રોજ યશવંતરાય નાટયગૃહ ખાતે **'મંચ એક રંગ અનેક'** શીર્ષક નીચે શાળાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીનીઓએ વિવિધ કલાત્મક કૃતિઓ રજૂ કરી ભારતીય સંસ્કૃતિની અભિવ્યકિત કરી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી અમુલભાઈ પરમાર (કે.પી.ઈ.એસ. હાઈસ્કૂલના શિક્ષક તથા નામાંકિત ફોટોગ્રાફર અને ચિત્રકાર) ઉપસ્થિત રહ્યાં હતા.







## અનૌપચારિક શિક્ષણ

પાઠયપુસ્તકની સાથે વિદ્યાર્થીનીઓને જીવનલક્ષી શિક્ષણ મળી રહે તેવા હેતુથી અનૌપચારિક શિક્ષણ પ્રવૃત્તિ પણ શાળામાં ચાલે છે. જેમાં તરુણાવસ્થામાં મૂંઝવણ વિષયક શિબિર, 'સોશિયલ મિડિયાની સારી–માઠી અસરો', વિષયક વાર્તાલાપ, વૃદ્ધાશ્રમની મુલાકાત, 'મુગ્ધાવસ્થાની મૂંઝવણ' વિષયક ડૉ. શ્રી આશાબેન પરીખનો વાર્તાલાપ, પ્રાથમિક સારવાર વિષયક એકસેલ નર્સીંગ કોલેજ ટીમ દ્વારા કાર્યક્રમ, ટ્રાફીક સેન્સ વગેરે જેવા વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા.





## ટેલેન્ટ કલબ

વિદ્યાર્થીનીઓમાં રહેલી કલાત્મક શકિતને ઉજાગર કરવા માટે શાળામાં ટેલેન્ટ કલબ ચાલે છે. જેમાં સમયાંતરે વિવિધ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. આ વર્ષે કળશ ડેકોરેશન, પેપર ફલાવર મેકીંગ, પગલૂંછણિયા બનાવવા વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવેલ.

## વિવિધ સ્પર્ધાઓ અને પરીક્ષાઓ

શાળાની વિદ્યાર્થીનીઓને શાળા કક્ષાએ, એસ.વી.એસ. કક્ષાએ, ઝોન કક્ષાએ, શહેર કક્ષાએ, તથા રાજય કે રાષ્ટ્રકક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવરાવી તેનામાં રહેલી સુષુપ્ત શકિતઓ અભિવ્યકિત કરવાની તક આપવામાં આવે છે. જેમાં આ વર્ષે ચિત્ર સ્પર્ધા, કલા મહાકુંભ – લોકગીત સ્પર્ધા, ગ્રાહક સુરક્ષા અંતર્ગત ચિત્ર સ્પર્ધા – વકતૃત્વ સ્પર્ધા, ભારતીય સંસ્કૃતિની લેખિત પ્રશ્નોત્તરી સ્પર્ધા, સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ દ્વારા આયોજિત હિન્દી દુસરી, તીસરી તથા વિનિતની પરીક્ષા, ગુજરાત શિષ્ટ વાંચન પરીક્ષા, અખિલ ભારતીય નિબંધ લેખન સ્પર્ધા, ચિન્મય ગીતા–ગાન સ્પર્ધા, એકસેલ એકસપ્રેશન આયોજિત સમાચાર વાંચન, લોકગીત સ્પર્ધા, તત્કાલ ચિત્ર સ્પર્ધા તથા લોકનૃત્ય સ્પર્ધા, લોકગીત સ્પર્ધા, ગાંધી ૧૫૦ અન્વયે 'ગાંધીજીનું જીવન એમના જ શબ્દોમાં' વિષય પર કિવીઝ કોમ્પીટીશન, સનાતન ધર્મ હાઈસ્કૂલ આયોજિત રામાયણ–મહાભારત લેખિત – મૌખિક પ્રશ્નોત્તરી સ્પર્ધા, બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા લેવાતી પ્રથમા, મધ્યમા, વિશારદની પરીક્ષા વગેરે જેવી અનેક વિધ સ્પર્ધાઓ અને પરીક્ષાઓમાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.





## અન્ય પ્રવૃત્તિઓ

ધોરણ – ૯, ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીનીઓની વાલી મીટિંગ, વિજ્ઞાનનગરીની મુલાકાત, શિક્ષક સજ્જતા, બુદ્ધિ કસોટી, વિદ્યાર્થીની પ્રતિનિધિ ચૂંટણી, ગાંધી જયંતિની ઉજવણી, પ્રભાતફેરી વગેરે જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરેલ.

## વિદ્યાર્થિનીઓનું સન્માન

તા. ૨૩/૦૭/૨૦૧૯ના રોજ શાળાના ૯૪' માં સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ધોરણ – ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવેલ. તા. ૨૪/૦૨/૨૦૧૯ ના રોજ રમત–ગમત, એન.સી.સી. તથા અન્ય પ્રવૃત્તિમાં સિદ્ધિ મેળવનારનું સન્માન કરેલ. તથા શાળાના વાર્ષિકોત્સવમાં રાજ્ય કક્ષા તથા રાષ્ટ્રકક્ષાએ સિદ્ધિ મેળવનારનું સન્માન કરવામાં આવેલ.



## અટલ ટિંકરીંગ લેબ ઉદ્ઘાટન

કેન્દ્ર સરકારના નીતિ આયોગ દ્વારા અટલ ઈનોવેશન મીશન અંતર્ગત અનુદાનિત અટલ ટિંકરિંગ લેબનું ઉદ્ઘાટન તા. ૧૯/૦૧/૨૦૧૯ રોજ રાખવામાં આવેલ. જેનાં ઉદ્ઘાટક તરીકે ડૉ. નિશીથભાઈ દેસાઈ – અધ્યક્ષ, રસાયણ ભવન, એમ.કે.બી.. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર. (મેન્ટોર, અટલ ટિંકરિંગ લેબ) તથા અતિથિ વિશેષ તરીકે અટલ ઈનોવેશન મીશન નીતિ આયોગ – અતિથિ વિશેષ તરીકે શ્રી સુખદેવભાઈ (પદ્મભૂષણ) અને ડો.ઉન્નતભાઈ પંડિત (હેડ ઓફ ઓપરેશન્સ, અટલ ઈનોવેશન મીશન,–નિતી આયોગ – ભારત સરકાર) ઉપસ્થિત રહ્યા હતા. સાથે શાળાનાં સંચાલકશ્રીઓએ પ્રોત્સાહક હાજરી આપી હતી.





## રમત – ગમત

શાળાકીય રમત–ગમતમાં શાળાની વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતોમાં ભાગ લઈ સિદ્ધિ પ્રાપ્ત કરેલ. જેમાં શાળાની કુલ ૨૫૯ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું. આ તમામ વિદ્યાર્થિનીઓને મંડળ દ્વારા તા:–૨૪/૨/૧૯ ના રોજ રમત–ગમત અધિ.શ્રી પાંડે સાહેબના અધ્યક્ષ પદે લોઅર, ટીશર્ટ , અને પ્રમાણપત્ર આપવામાં આવેલ. સાથે સમગ્ર વર્ષ દરમ્યાન સહઅભ્યાસ પ્રવૃતિ સ્પર્ધામાં સિદ્ધિ પ્રાપ્ત કરેલ. વિ.ઓને ઈનામ, પ્રમાણપત્ર અપાયા.

## એન.સી.સી.

શાળાની વિદ્યાર્થીનીઓ સિદસર મુકામે ૧૦ દિવસ CATC કેમ્પમાં ૨૧ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. તા. ૩૧/૧૦/૨૦૧૮ના રોજ સરદાર પટેલ જયંતિના અનુસંધાને યોજાયેલ રન ફોર યુનિટીની રેલીમાં ભાગ લીધેલ. ૨૪/૧૧/૨૦૧૮ના રોજ એન.સી.સી. ડેની ઉજવણીમાં ભાગ લીધેલ. તા. ૨૩/૦૧/૨૦૧૯ ના રોજ NCC SECOND YEAR ની A સર્ટીફિકેટની પરીક્ષામાં ૨૧ વિદ્યાર્થીનીએ ભાગ લીધેલ

## ખેલ મહાકુંભ

ખેલમહાકુંભ – ૨૦૧૮ માં શાળાની ૨૫૯ ખેલાડીઓએ કુલ ૨૨ રમતોમાં સિધ્ધિ પ્રાપ્ત કરેલ. જેમાં કુલ રૂા. ૧૫૭૦૦૦ /– (અંકે રૂ.એક લાખ સતાવન હજાર) નાં રોકડ પુરસ્કાર રાજય સરકાર તરફથી મળેલ છે.

## વિદ્યાર્થિનીઓને આપવામાં આવેલ સહાય

### વિનામુલ્યે ફુલસ્કેપ નોટબુક

મંડળ દ્વારા દાતાશ્રીઓના સહયોગથી શાળાની ધો.૯ થી ૧૨ની કુલ ૧,૦૬૪ વિદ્યાર્થિનીઓને ૫–૫ ફૂલસ્કેપ બૂક વિનામૂલ્યે આપવામાં આવી.



### શશીપ્રભા લાલા સ્કોલરશીપ

ધોરણ – ૧૦ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનીઓ શ્રી શશીપ્રભાલાલા સ્કોલરશીપ અન્વયે પ્રથમ નંબરને ૧૦,૦૦૦/– દ્વિતીય નંબરને ૮,૦૦૦/– તૃતીય નંબરને ૬,૦૦૦/– નો ચેક અર્પણ કરવામાં

### યુનિફોર્મ તથા કમ્પ્યુટર ફી સહાય

મંડળ દ્વારા દાતાશ્રીઓના સહયોગથી શાળાની ધો.૯ અને ૧૧ની જરૂરીયાતમંદ વિદ્યાર્થિનીઓને યુનિફોર્મ તથા કમ્પ્યુટર ફીની સહાય આપવામાં આવેલ.

### શિક્ષણ ફી સહાય

શાળાની ધો.૧૦ અને ૧૨ની જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને દાતાશ્રી શિશુવિહાર ટ્રસ્ટ તથા ગાંધી મહેન્દ્ર ચત્રભુજ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શિક્ષણ ફી સહાય આપવામાં આવેલ.

### સાયકલ સહાય

ધો–૯ની વિદ્યાર્થિનીઓને સરકારશ્રીની "સરસ્વતી સાધના યોજના" હેઠળ શાળાની બક્ષીપંચની ૨૪૪, અનુસુચિતજાતિની આર્થિક પછાત ૨૮ અને અનુસુચિત જનજાતિની ૦૨ વિદ્યાર્થિનીઓને સાયકલ સહાય મળેલ.



## વિદ્યાર્થિની વિશિષ્ટ સિદ્ધિ

- યોગ માં અન્ડર–૧૭ માં ચૌહાણ નિધી શ્યામકુમાર ધોરણ–૧૦ દિલ્હી મુકામે નેશનલ લેવલે ભાગ લીધેલ.
- યોગ માં અન્ડર–૧૭ માં ભોહરીયા તબ્બસુમ યુસુફભાઈ ધોરણ–૧૦ રાજસ્થાન મુકામે નેશનલ લેવલે ભાગ લીધેલ.
- ટેકવેન્ડો માં અન્ડર –૧૯ માં અજમેરી સીફા સાબિરભાઈ ધોરણ– ૧૨ લખનવ મુકામે રાજસ્થાન મુકામે નેશનલ લેવલે ભાગ લીધેલ.

સ્થાપના વર્ષ
૧૯૯૪

# શ્રી અને શ્રીમતી સી.આર.ભટ્ટ સેન્ટર
# ફોર
# નોનફોર્મલ એજ્યુકેશન એન્ડ એન્ટ્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ

શ્રી અને શ્રીમતી સી.આર.ભટ્ટ સેન્ટર મહિલાઓને અનૌપચારિક તાલીમ અંતર્ગત કોઈ ચોક્કસ હુન્નર અંગે તાલીમ આપી ઉદ્યોગ સાહસિક બનાવવી અને સ્વરોજગારી દ્વારા આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવાનું કામ કરે છે, અને સાથોસાથ મહિલાઓ માટે જીવન ઉપયોગી સેમીનાર, વર્કશોપ દ્વારા ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે વિવિધ તાલીમ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવે છે.

વિવિધ તાલીમ કાર્યક્રમો એક અઠવાડીયાથી લઈને એક વર્ષ સુધીના જેવા કે મેકઅપ ટેકનીક, સ્કીનકેર, ફેસીયલ, વેક્સ, હેર ટ્રીટમેન્ટ વીથ નેચરલ કલર, વિવિધ મુખવાસ, વિવિધ હેન્ડમેડ જ્વેલરી જેવી કે સિલ્ક થ્રેડ જ્વેલરી, મેકરમ જ્વેલરી, પર્લ જ્વેલરી, પેપર ક્વીલ જ્વેલરી, બેઈઝીક જ્વેલરી, બેઈઝીક મહેંદી, શોર્ટ ટર્મ બ્યુટી પાર્લર એન બે વર્ષનોલ ડીપ્લોમા ઈન ફેશન ડીઝાઈનીંગ વગેરે તાલીમ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. સેન્ટર દ્વારા મલ્ટી એકટીવીટી સેન્ટર સ્કૂલની તેમજ અન્ય દિકરીઓ માટે પ્રવૃત્તિ કરાવવામાં આવે છે, જેવી કે ડાન્સ, ડ્રોઈંગ, અક્ષર સુધારણા તેમજ નાટય શિબિર જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

**કમ્પ્યુટર શિક્ષણ**

સેન્ટરમાં મંડળ સંચાલિત સંસ્થાઓ શ્રી. કૃ. હ. સંઘવી બાલમંદિર, શ્રી. ન.ચ.ગાંધી કુમારી વિદ્યામંદિર તથા શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલયની કુલ ૧૩૭૬ વિદ્યાર્થિનીઓને કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે.



## સેન્ટરમાં ચાલતા અભ્યાસક્રમો

સંસ્થામાં વિવિધ ટુંકાગાળાના તેમજ બે વર્ષના ડિપ્લોમાં કોર્સ ચલાવવામાં આવે છે, જેમાં મુખ્યત્વે:

- બ્યુટીપાર્લર કોર્ષ, મેકઅપ ટેકનીક, સોફટ ટોયઝ, મહેંદી
- બેઇઝીક થી એડવાન્સ પ્રોગ્રામીગ લેવલ સુધીના કોમ્પ્યુટર કોર્સ, ગુજરાતી, અંગ્રેજી ટાઈપીંગ
- સીવણ, હાથભરત, મશીનભરત, ખાટલી ભરત, ફોલ છેડા
- ડિપ્લોમાં ઈન ફેશન ડીઝાઈનીગ, અને ડિપ્લોમાં ઈન ઈન્ટીરીયર ડીઝાઈનીગ,



સી.આર. ભટ્ટ સેન્ટરના નેજા હેઠળ સમાજ કલ્યાણ કેન્દ્રમાં સામાજિક રીતે પછાત વર્ગની મહિલાઓ બેઝીક સિવણ, મશીન ભરત, હાથ ભરત, ખાટલી ભરત, છેડા ફોલ, ડીઝાઈનર બ્લાઉઝ, ચણીયાચોળી, ડીઝાઈનર ડ્રેસ તેમજ સોફટ ટોયઝ જેવી વિવિધ આર્થિક ઉપાર્જનની પ્રવૃતિઓ શીખવવામાં આવે છે.

બહેનો માટે વર્ષ દરમ્યાન બ્યુટીપાર્લર, બેઈઝીક મહેંદી, દુલ્હન મહેંદી જેવા વિવિધ આર્થિક ઉપાર્જન થઈ શકે તેવા તાલીમ વર્ગો ચલ ાવવામાં આવે છે ઉપરાંત
હેલ્થ અને હાઈજીન, આહાર પોષણ, જીવન કૌશલ્ય, હકારાત્મક અભિગમ અને નાની પ્રવૃત્તિ દ્વારા આર્થિક ઉપાર્જન કઈ રીતે કરી શકાય તે અંગેની સમજણ માટે સેમીનાર, વિવિધ લેક્ચરનું આયોજન કરવામાં આવે છે



## પ્રાથમિક વિભાગ

પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે ધોરણ ૧ થી કોમ્પ્યુટર વિષયનું પધ્ધતિસરનું શિક્ષણ આપવામાં આવે છે. શૈશવ સંસ્થાનાં સહયોગથી ધોરણઃ ૭ અને ધોરણઃ ૮ ની વિદ્યાર્થીનીઓ માટે કિશોરી તાલીમમેળાનું આયોજન કર્યુ હતું જેનાથી વિદ્યાર્થીનીઓ પર્સનલ હાઈજીન સેલ્ફ ડિફેન્સ, માસિક ચક્ર સમયે થતી તકલીફો, જેન્ડર સેન્સેટાઈઝન અને સેનીટેશન વિષે સભાનતા કેળવી શકી છે. આ તાલિમ વિદ્યાર્થિનીઓ માટે ખૂબ ઉપયોગી પુરવાર થઈ છે. કિશોરી મેળા માટે માતાઓ તરફથી પણ સારો હકારાત્મક પ્રતિભાવો મળ્યા છે.



## હાઈસ્કુલ વિભાગ

હાઈસ્કુલ વિભાગની ધો. ૯ અને ૧૧ ની વિદ્યાર્થીનીઓ "મુગ્ધાવસ્થાની મુઝંવણ" વિષય પર ડો. આશાબેન પરીખ નું વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું માસીકચક્રની ધર્મ સાથે જોડાયેલ તેમજ ખોટી માન્યતોઓ વિશે પ્રશ્નોતરી સેશનમાં દિકરીઓને સંતોષપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## મધર ડોટર વર્કશોપ

- છેલ્લા પાંચ વર્ષ થી ધોરણઃ ૯ અને ધોરણઃ ૧૧ ની વિદ્યાર્થીનીઓ માટે એક દિવસીય મધર ડોટર વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. તેમાં શ્રીમતી નિમિતાબેન મહેતા તેમજ મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલયના શિક્ષિકા શ્રીમતી કૃતિકાબેન શાહ દ્વારા પહેલા સેશનમાં વિવિધ પ્રવૃતિ દ્વારા તેમજ ટુંકી પ્રશ્નાવલી દ્વારા વિદ્યાર્થીનીઓની હાકરાત્મક માનસીકતા ને સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ત્યારબાદ બપોરના સેશનમાં માતાઓને આમંત્રિત કરવામાં આવે છે. અલગ અલગ થીમ અને પ્રેરણાત્મક તેમજ આજના યુગમાં કિશોરાવસ્થામાં થતી મુશ્કેલીઓ જેવા વિષયો દ્વારા રોલ પ્લે કરાવવામાં આવે છે. તેના દ્વારા માતા–પુત્રીની ઘણી બધી મુશ્કેલીઓનો હલ આવે છે અને મા–દિકરી વચ્ચે મિત્રતાનો સંબંધ બાંધી શકવા માં મદદરૂપ થઈ શકાય છે. આ સેમીનારમાં માતા પુત્રીના ભાવવાહી દશ્યો જોવા મળે છે.





# શ્રીમતી ન.ચ.ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

સ્થાપના વર્ષ ૧૯૫૧ | વિદ્યાર્થિનીની સંખ્યા ૧૧૦૦

શ્રીમતી ન.ચ.ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી સાથે એફીલીએશન ધરાવતી આ કોલેજની સ્થાપના ૧૯૫૧માં જૂજ વિદ્યાર્થીનીઓથી શરૂ થયેલ છે. જે આજે ૧૧૦૦ વિદ્યાર્થીનીઓ અને વિવિધ કોર્સ સાથે સજ્જ છે.

## NAAC નું ત્રીજીવારનું રી–એક્રેડીટેશન મેળવી 'B' ગ્રેડ મેળવનાર ગુજરાતની પ્રથમ કોલેજ

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ના વર્ષમાં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં મેળવેલ સિદ્ધિઓ

| વર્ગ | ક્રમ | નામ | વર્ગ | ક્રમ | નામ |
|---|---|---|---|---|---|
| એમ.એ. ૦૨ | પ્રથમ | કું. કૈલાસબહેન બી. ભાલીયા | એમ.કોમ. ૦૨ | પ્રથમ | કુ.પૂર્વીબહેન એન. દવે |
| | દ્વિતિય | કુ.તરૂણાબહેન એચ. ચુડાસમા | | તૃતિય | કુ. ડીમ્પલબહેન જી. વસાણી |
| | તૃતિય | કુ.નિશાબહેન આર. ગામી | | ચર્તુથ | કુ. અસ્મીતાબહેન એમ. સોલંકી |
| | પાંચમો | કુ. માયાબહેન જી. સાટીયા | | પાંચમો | કુ. મેઘાબહેન એન. ચૌહાણ |
| બી.કોમ. ૦૨ | પ્રથમ | કુ.અસ્મિતાબહેન કે. ડાભી | જૂન ૨૦૧૮થી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષ બી.એ. તથા બી.કોમનું એફીલીએશન મેળવેલ છે. જે ક્રમશઃ દ્વિતિય અને તૃતીય વર્ષ માટે મળતું રહેશે. | | |
| | દ્વિતિય | કુ.સંગીતાબહેન વી. મેણીયા | | | |
| | ચર્તુથ | કુ.પલકબહેન બી. વાજા | | | |

## યુનિવર્સિટીમાં રેન્ક તથા પારિતોષિક મેળવનારની સંખ્યા

| વર્ગ | રેન્ક | પારિતોષિક | વર્ગ | રેન્ક | પારિતોષિક |
|---|---|---|---|---|---|
| બી.એ. – ૦૩ | – | ૦૪ | એમ.એ.–૦૨ | ૦૪ | ૧૨ |
| બી.કોમ. – ૦૩ | ૦૩ | ૦૨ | એમ.કોમ.–૦૨ | ૦૪ | ૦૪ |

## પ્રાધ્યાપકો દ્વારા મેળવેલ સિદ્ધિઓ

૧ : પ્રા.ડૉ.જાગૃતિબેન કે. પંડયા તા.૨૮/૦૮/૨૦૧૮ સંસ્કૃત દિન નિમિત્તે સંસ્કૃત વિભાગ (પી.જી.) દ્વારા ચર્ચગેટ મુંબઈ "જીવને સંયમ મહિમા" વિષય ઉપર વ્યાખ્યાન

પ્રા.ડૉ.જાગૃતિબહેન કે પંડયા દ્વારા તા.૫,૬,૭/૦૨/૨૦૧૯ થી સોમનાથ સંસ્કૃત યુનિ.વેરાવળ મુકામે નેશનલ સેમિનારમાં "વ્યવહારિક જીવને ઉપનિષદ જ્ઞાન કી પ્રસ્તુતતા" વિષય પર પેપર રજૂ કર્યુ હતું.

૨ : પ્રા. વિષ્ણુભાઈ ડી. ચૌધરી તા.૩૦/૧૨/૨૦૧૮ ટાઈટલ "આદિવાસી સમાજમાં શિક્ષણનું ખાનગીકરણ અને તેની અસરો" એલ.આર.વળીયા આર્ટસ એન્ડ પી.આર.મહેતા કોમર્સ કોલેજ, ભાવનગર, નેશનલ સેમિનાર

# વિશિષ્ટ સિદ્ધિઓ

## લીડરશીપ ટ્રેઈનિંગ કેમ્પ

શ્રીમતી ગાંધી મહિલા કોલેજ અને ફોરમ ફોર ફ્રી એન્ટરપ્રાઈઝ તથા એમ.આઈ.પાઈ.ફાઉન્ડેશન અને એ.ડી.શ્રોફ મેમોરીયલના સહયોગથી તા.૨૭ અને ૨૮ જુલાઈ ૨૦૧૮ બે દિવસીય લીડરશીપ ટ્રેઈનિંગ કેમ્પ યોજાયેલ જેમાં શ્રી વિવેકભાઈ પત્કી તથા શ્રી રાજીવ લવ તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહયાં





## સંસ્કૃતા દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ

ભૂતપૂર્વ વિદ્યાર્થિની સંગઠન 'સંસ્કૃતા' દ્વારા જેમણે વર્ષો સુધી કોલેજમાં સેવા અર્પણ કરેલ છે, તેમને સન્માનવા માટે તમામ ભૂતપૂર્વ અધ્યાપકશ્રીઓને નિમંત્રિત કરી "ગુરૂવંદના" કાર્યક્રમ ગરીમાપૂર્ણ યોજવામાં આવ્યો હતો.

## ફીનીશીંગ ટ્રેઈનિંગસ્કુલ

ગર્વમેન્ટ ઓફ ગુજરાત, શિક્ષણ વિભાગ કે.સી.જી.ના માર્ગદર્શન હેઠળ ફીનીશીંગ સ્કુલ તાલીમનું આયોજન કરવામાં આવેલ. જેમાં તા.૦૫/૦૯/૨૦૧૮ થી તા.૧૪/૦૯/૨૦૧૮ શ્રીમતી સુપ્રિતીબહેન નેગીએ કમ્પોનન્ટ ૧ અને ૨ ની તાલીમ આપી અને તા.૧૦/૧૦/૨૦૧૮ થી તા.૧૯/૧૦/૨૦૧૮ શ્રીમતી અંકિતાબહેન દવે એ કમ્પોનન્ટ ૩ અને ૪ ની તાલીમ આપી.





## રોજગાર વિનિમય કચેરી અને ઉદીશા દ્વારા આયોજીત જોબફેર

રોજગાર મેળા અંગ માર્ગદર્શન તથા કોલેજ અને રોજગાર કચેરીના સંયુકત ઉપક્રમે તા.૨૯/૦૮/૨૦૧૮ રોજગાર વિનિમય કચેરી અને ઉદીશા દ્વારા જોબફેરનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી એસ.પી.ગોહિલ (રોજગાર અધિકારી), શ્રી લલીતભાઈ ઝાઝું (જીલ્લા ઉદ્યોગ અધિકારીશ્રી) અને કચેરીના સભ્યશ્રીઓ તથા મંડળના માનદ્‌મંત્રીશ્રી સુનિલભાઈ વડોદરિયા ઉપસ્થિત રહેલ.

## સ્પોર્ટસ વિભાગ

ઔરંગાબાદ ખાતે યોજાયેલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાંથી ઓલ ઈન્ડિયા કક્ષાની કુસ્તી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ.





## એન.એસ.એસ. વિભાગ

ગુજરાત યુનિવર્સિટી ખાતે તા.૨૨,૨૩,૨૪ સપ્ટેમ્બર ૨૦૧૮ અમદાવાદમાં એન.એસ.એસ. ડે ની ઉ:જવણી કરવામાં આવેલ. જેમાં આપણી કોલેજની વિદ્યાર્થિની બહેનોએ ગરબો રજુ કરેલ જેમાં દ્વિતિય નંબર આવેલ. ફોક ડાન્સમાં ઘુમ્મર રજુ કરેલ તેમાં દ્વિતિય નંબર આવેલ તેમજન પાવર પોઈન્ટ પેઝન્ટેશન રજુ કરેલ તેમાં તૃતીય નંબર પ્રાપ્ત કરેલ.

## એન.સી.સી. વિભાગ

કમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેઈનિંગ કેમ્પ રાજકોટના ખામટા ખાતે યોજાયેલ જેમાં થ્રો બોલ, ફાયરીંગ તેમજ ગાર્ડ ઓફ ઓનર સહિતની વિવિધ સ્પર્ધાઓમાં ૧૮ કેડેટ્સએ ભાગ લઈ શ્રેષ્ઠ દેખાવ કરી સિદ્ધિઓ મેળવેલ.



સ્થાપના વર્ષ
૨૦૦૮

# એક્સેલ સ્કુલ ઓફ નર્સિંગ

વિદ્યાર્થીનીઓની
સંખ્યા :– ૧૨૫

## આરોગ્યલક્ષી કાર્યક્રમો

એક્સેલ સ્કુલ ઓફ નર્સિંગ માં અભ્યાસ કરતી ત્રીજા વર્ષ ની વિદ્યાર્થીનીઓ દ્વારા **" સ્વચ્છતા જનજાગૃતિ પ્રદર્શન"** નું આયોજન કરવામાં આવેલું જેમાં ભાવનગર મહાનગર પાલિકા ના સ્ટેડીંગ કમિટી ના ચેરમેન શ્રી, યુવરાજસિંહ ગોહીલ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી અને સ્વચ્છતા વિશેની સમજણ આપવામાં આવેલી.



**" ડેન્ગ્યુ / મેલેરીયા જનજાગૃતિ અભિયાન "** નવા રતનપર ખાતે યોજવામાં આવેલ જેમાં બીજા વર્ષ એ.એન.એમ ની વિદ્યાર્થીનીઓ દ્વારા નાટય દ્વારા તથા આ બંન્ને રોગ વિશેની શાબ્દીક જાણકારીઓ ત્યાંના ગ્રામ્ય લોકોને આપવામાં આવેલી.

એક્સેલ સ્કુલ ઓફ નર્સિંગ દ્વારા ૨૧ જુલાઈ ના રોજ **વિશ્વ યોગ દિવસ** ઉજવવામાં આવ્યો.જેમાં ભુમીબેન, કુંજનબેન, મિનાશ્રીબેન જેવા યોગ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીનીઓને યોગ વિશે જાણકારી આપવામાં આવી તથા યોગ કરાવવામાં પણ આવ્યા.

એક્સેલ સ્કુલ ઓફ નર્સિંગ દ્વારા ગુજરાત સરકારશ્રીએ હેલ્થ સર્વે ના એક નવા પ્રયાસરૂપે નેશનલ ફેમેલી હેલ્થ સર્વેના કાર્યક્રમમાં ત્રીજા વર્ષ જી.એન.એમ. ની વિદ્યાર્થીઓએ ઉત્સારભેર ભાગ લીધો હતો. જેમાં ભાવનગરના જુદા–જુદા વિસ્તારોમાં હેલ્થ બાબતના સર્વેની માહિતી એકત્ર કરવામાં આવી હતી.








## કુકરી પ્રોગ્રામ

પ્રથમ વર્ષની જી.એન.એમ તથા એ.એન.એમ. કોર્ષની વિદ્યાર્થીનીઓ દ્વારા **કુકરી પ્રોગ્રામ** નું આયોજન કરવામાં આવેલું જેમાં વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ પ્રકાર આરોગ્યપ્રદ વાનગીઓ બનાવવામાં આવી હતી.તથા ચાર્ટ અને ન્યુટ્રીશ્યન ને લગતી માહિતી ચાર્ટ મારફતે દર્શાવવામાં આવી હતી.

## સ્પોર્ટસ ડે

**સ્પોર્ટસ** ડે નિમીતે વિદ્યાર્થીનીઓના આનંદ માટે જુદી જુદી ઈન્ડોર રમતો જેવી કે ફાસ્ટ ઈટીંગ, એક મીનીટ, દમશેરા, કવીઝ, મેમરી ગેઈમ તથા આઉટડોર રમતો જેવી કે વિવિધ પ્રકારની દોડ, મ્યુઝીકલ ચેર, ખો–ખો વગેરે જેવી રમતો રમાડવામાં આવી હતી.



## ઉજવણી

- નવરાત્રીના દિવસોમાં ડે બીફોર નવરાત્રી નું આયોજન કરવામાં આવેલું.
- ૧૨ મે ના રોજ વિશ્વ નર્સિસ ડે ઉજવવામાં આવ્યો.
- વર્ષ :– ૨૦૧૮–૧૯ ની નવી બેંચ જી.એન.એમ ની ૨૮ તથા એ.એન.એમ ની ૧૬ એમ કુલ ૪૪ વિદ્યાર્થીનીઓને સ્વાગત કરવા માટે વેલકમ પાર્ટીનું આયોજન કરવામાં આવેલ હતું.
- ફર્સ્ટ યર જી.એન.એમ તથા એ.એન.એમ સ્ટુડન્ટસનો લેમ્પલાઈટીંગ સેરેમની યોજવામાં આવેલ હતી જેમાં મુખ્ય મહેમાન તરીકે એચ.સી.જી. હોસ્પીટલ ના એચ.આર.વિભાગ હેડ શ્રી સમર્થ વ્યાસ તથા નર્સિંગ મેનેજર શ્રી દિપકભાઈ પટેલ દ્વારા શપથ લેવડાવવામાં આવેલ તથા વિદ્યાર્થીનીઓને નર્સિંગ પ્રોફેશનમાં પ્રવેશવાના અભિનંદન પણ તેમના દ્વારા આપવામાં આવ્યા હતા.

## મુલાકાત

- એકસેલ સ્કુલ ઓફ નર્સિંગમાં અભ્યાસ કરતી નર્સિંગની વિદ્યાર્થીનીઓને ભાવનગર ની અલગ અલગ બહારની શૈક્ષણીક, સામાજીક, કાર્ય કરતી સંસ્થાઓ જેવી કે અંકુર વિદ્યાલય, ભાવનગર બ્લડ બેંક, ડેફ એન્ડ ડમ્બ સ્કુલ, પી.એન.આર સોસાયટી સંસ્થા, બ્લાઈન્ડ સ્કુલ, વૃધ્ધાશ્રમ, મેન્ટલ હોસ્પીસ્ટલ, અમદાવાદ તદઉપરાંત વોટર ફિલ્ટ્રેશન પ્લાન્ટ તથા સર્વોતમ ડેરી શિહોર, ની પણ મુલાકાત આઈ.એન.સી ના શેડયુઅલ પ્રમાણે કરાવવામાં આવી હતી.

## અન્ય જીવનકૌશલ્ય, સુરક્ષા કાર્યક્રમો તથા સેમિનાર

ભાવનગર રોજગાર કચેરી દ્વારા ૧૭ જુલાઈ ના રોજ " **ઓવરસીઝ વર્ક**" વિષય ઉપર એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલું જેમાં શ્રી બ્રિજરાજસિંહ દ્વારા રોજગાર ને લગતી માહિતી આપવામાં આવી હતી.

**ફાયર અને સેફટી** વિશેની સમજણ આપવા માટે કાનેક્સ ફાયર કંપની ના માલીક શ્રી, સલોતભાઈ દ્વારા અગ્નિશામક સાધનોની સમજણ તથા તેનો કેવી રીતે ઉપયોગ કરવો આગ લાગે ત્યારે તેમનો લાઈવ નાનો એવો ડેમો કરી વિદ્યાર્થીનીઓને આગ બુજાવવાના સાધનોથી માહિતગાર કરીયા હતા.






 સ્થાપના વર્ષ
૧૯૪૬

# શ્રી દાણીભાઈ અને ખુશાલદાસ કુરજી પારેખ
# તથા
# શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિકાંત ગાર્ડી
# કન્યા છાત્રાલય

સ્થાપના વર્ષ
૨૦૧૩

શ્રી દાણીભાઈ અને ખુશાલદાસ કુરજી પારેખ તથા શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિકાંત ગાર્ડી કન્યા છાત્રાલયમાં નર્સિંગ સ્કૂલની ૧૨૫ વિદ્યાર્થિનીઓ અને શ્રીમતી ન.ચ.ગાંધી અને ભા.વા.ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજની ૫૭ વિદ્યાર્થિનીઓ કુલ ૧૮૨ બહેનો આ છાત્રાલયમાં આવાસ કરે છે.

## છાત્રાલયની વિવિધ પ્રવૃત્તિઓ

- આંતરીક સ્પર્ધાઓ કરી
- છાત્રાલયની બેનોનો ૨ દિવસીય પ્રવાસ દીવ, સોમનાથ, જુનાગઢ કરેલ.
- બ્હેનોએ અંધઉદ્યોગશાળાની મુલાકાત લીધેલ.
- બ્હેનોને અમુક બાબત માટે કાઉન્સીલીંગની જરૂર હતી તે માટે શ્રી મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલયના શિક્ષિકા શ્રીમતી કૃતિકાબેનનું માર્ગદર્શન લેકચર ગોઠવેલ.
- આપત્તિ નિવારણ તાલીમનું આયોજન કરેલ જેમાં શિશુવિહાર સંસ્થામાંથી શ્રી હરેશભાઈ, શ્રી ધીરૂભાઈ અને તેની ટીમે બ્હેનોને દોરડાની અલગ અલગ ગાંઠો બાંધતા શીખવી પ્રાથમિક સારવાર વિશે પેકટીલ તાલીમ આપેલ.
- બેનો રૂમની સફાઇ સારી રાખે તે માટે સ્પર્ધા રાખેલ. તેમા ૩ નંબર અને ઇનામ આપેલ.




## છાત્રાલયમાં રહી બ્હેનોએ મેળવેલ શૈક્ષણિક સિદ્ધિઓ




વર્ષ દરમ્યાન છાત્રાલય મા રાષ્ટ્રીય પર્વની ઊજવણી ઉમંગ ભેર કરવામા આવે છે. છાત્રાલય નો વાર્ષિક ઉત્સવ તા.૦૭ માર્ચના રોજ શ્રીમતી આશાબેન ધાનાણીના ના અતિથી વિશેષ પદે યોજાયેલ. છાત્રાલયમાં એફ.વાય થી ટી.વાય સુધીમાં પ્રથમ આવેલ બહેનો તેમજ આંતરીક સ્પર્ધાઓમાં વિજેતા થયેલ બહેનોને ઇનામ તથા ટ્રોફી આપવામાં આવેલ.

## વિઝન

ભાવનગર જીલ્લા અને આસપાસ રહેતી ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગની યુવતીઓ અને મહિલાઓને ઉચ્ચ ગુણવત્તાસભર, ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ અને તાલીમ પૂરી પાડવી જેથી તેઓનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, વ્યકિતગત ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસ થાય અને પરિણામે ભાવનગર જીલ્લાનું સામાજિક અને આર્થિક રૂપાંતર થાય તેમજ મંડળની સર્વ શૈક્ષણિક અને તાલીમી સંસ્થાઓમાં ન્યાયી,ઉત્તમ વ્યવહારો અને સતત સુધારણા

# શ્રીમતી આર.ડી.ગાર્ડી
# ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ

## મિશન

માત્ર યુવતીઓ અને મહિલાઓ માટેનું અદ્યતન આંતર–માળખાકીય સુવિધા અને સગવડવાળું વિવિધલક્ષી વિદ્યાશાખાઓ અને પ્રશિક્ષણ સંકુલ નીચે મુજબનાં હેતુઓ સાથે વિકસાવવું જયાં:

- બાલમંદિરથી અનુસ્નાતક કક્ષા સુધીના વ્યાવસાયિક, તકનીકી, વાણિજય અને કલા સહિતના અનેક પ્રકારના શૈક્ષણિક કાર્યક્રમો અપાતા હોય.
- શારીરિક, યંત્રવિદ્યા અને બૌધ્ધિક કૌશલ્યોનું ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ અપાતું હોય અને મહિલાઓમાં ઉદ્યોગસાહસિકતા અને સ્વરોજગાર દ્વારા આર્થિક સામર્થ્યનું સંવર્ધન થયું હોય.
- વ્યકિતઓ અને સંસ્થાઓને તેમની વ્યકિતગત અને સંસ્થાકીય સામાજિક જવાબદારી નિભાવવા માટે આર્થિક સહયોગ કરવાની તક અપાતી હોય.

# શ્રીમતી આર.ડી.ગાર્ડી
# ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ

## સંસ્થાઓ બિલ્ડીંગ



શ્રી કૃષ્ણાલાલ હ.સંઘવી બાલમંદિર



શ્રીમતી ન.ચ.ગાંધી અને શ્રીમતી ભા.વા.ગાંધી
મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ

॥ संस्कृता स्त्री शिवा शक्तिः ॥



શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલય
શ્રીમતી ન.ચ.ગાંધી કુમારી વિદ્યામંદિર



એકસેલ સ્કુલ ઓફ નર્સિંગ



શ્રી અને શ્રીમતી સી.આર.ભટ્ટ સેન્ટર
ભાવનગર જવેલરી ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટ



શ્રી દાણીભાઈ ખુશાલદાસ કુરજી પારેખ તથા
શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિકાંત ગાર્ડીકન્યા છાત્રાલય



શ્રીમતી સાવીત્રીબેન રમણીકલાલ જે.મહેતા બિલ્ડીંગ